શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૨
અંક : ૧૦







## સંસ્થાની યાત્રા ૧

આ સંસ્થા એસએસકેકેનો ઈતિહાસ ઘણો જુનો એટલે કે ૧૯૭૭થી કરેલો વિચાર આજે એસએસકેકે તરીકે કાર્યરત છે. ૧૯૭૭ થી ૧૯૮૦નાં સમયગાળા દરમ્યાન ધીરૂભાઈ વાગડીયાના અભ્યાસકાળ વખતે તેનાં કોલેજ કાળનાં મિત્રો ગ્રામ્ય કક્ષાનાં લોકો માટે કંઈકને કંઈક કરવાની ભાવના હોવાથી સતત આ બાબતે વિચાર કરતાં રહેતા હતા. તે સમયે તેની સામે આવેલા પ્રશ્નો જેવા કે પરીક્ષા સેન્ટરની મંજુરી મળે, પાણીની સમસ્યાનો ઉકેલ થાય, વરસાદી આફત સામે રક્ષણ મળે, વિજળી બીલોમાં રાહત મળે, એક ગામથી બીજા ગામ અથવા સીટી સુધી વાહન વ્યવહારની સુવિધા ઉભી થાય, રોજગારીની તકો ઉભી થાય આવા અનેક પ્રકારના પ્રશ્નોને લઈને સતત વિચાર કરતા અને જે તે લેવલે રજુઆત કરતાં અને યોગ્ય પ્રતિસાદ ન મળે તો ઉપવાસ આંદોલન જેવા કાર્યક્રમો કરતાં રહયા.

૧૯૮૦માં મિત્રોનાં સાથ સહકારથી તા. ૨૪/૧૧/૧૯૮૦ થી 'યુવકમિત્ર'ના નામકરણ સાથે આ સંસ્થાનું રજીસ્ટ્રેશન થયું. જેમાં મુખ્ય કામગીરીમાં ખેતી, સાહસ, રમતગમત, શિક્ષણ અને સામાજિક જાગૃતિનો સમાવેશ કર્યો. આ સમય દરમ્યાન જિલ્લા કક્ષાએ સરકારશ્રી દ્વારા યોજવામાં આવેલ જિલ્લા યુવક મહોત્સવમાં સંસ્થાને સ્વાગત સમિતિની કામગીરી સોંપવામાં આવી. તેમજ રાજયમાં વધુમાં વધુ યુવક મંડળની સ્થાપના થાય તે માટે રાજયનાં જુદા જુદા ક્ષેત્રોમાં પ્રવાસ કરવામાં

**બધી કળાઓમાં શ્રેષ્ઠ કલા છે, હળીમળીને સાથે રહેવાની કળા.**

આવ્યો. સંસ્થા મારફત બગદાણા ખાતે પ્રથમ આરોગ્ય કેમ્પનું આયોજન કર્યુ.

૧૯૮૦–૮૫નાં સમયગાળા દરમ્યાન સંસ્થાનાં કાર્યકરો, મિત્રો મળીને કુલ ૧૭ સભ્યોએ આસપાસના વિસ્તાર કાંકચ થી ગોપનાથ સુધી લોકોની સમસ્યા જાણવા માટે ૨૦૦૦ લોકો સાથે સંવાદ કર્યો અને આ સમસ્યાઓની રજુઆત સરકારશ્રીમાં કરી. તાલુકા કક્ષાએ વર્કશોપનું આયોજન કર્યુ. તાલુકા યુવક સંઘની સ્થાપના કરી.

૧૯૮૦ થી ૯૦નાં સમયગાળા દરમ્યાન યુથહોસ્ટેલ એસોશીએશન સાથે સંકલન કર્યુ અમરેલી યુથહોસ્ટેલની રચનાં કરી અને વધારાનાં ૧૧ જેટલા યુથ હોસ્ટેલ યુનીટની સ્થાપનાં કરી. બધા યુથ હોસ્ટેલ યુનિટની સહિયારી ભાગીદારીથી નેશનલ ગીર ટ્રેકીંગ પ્રોગ્રામ કરવામાં આવ્યો જેમાં ભારત ભરના ૩૦૦ યુવક–યુવતિઓ જોડાણા.

ઉન્નતિ અને સમાજ કલ્યાણ બોર્ડનાં સહયોગથી યોજાયેલ તાલીમમાંથી સંસ્થાનાં વ્યવસ્થાપન અને સંચાલન અંગેની જાણકારી મેળવવામાં આવી. ત્યારબાદ ગ્રામ્યકક્ષાની સમસ્યાઓ જેવી કે રોજગારી માટે સ્થળાંતર, વાહન વ્યવહારની અસુવિધા, બાળકો અને મહીલાઓની સમસ્યા માટે સતત કાર્યશીલ થયા અને તેનાં નિવારણ માટે સંલગ્ન સંસ્થા કે સરકારમાં રજુઆતો કરી જે ફલસ્વરૂપે બાળકો અને મહીલાઓની સમસ્યા નિવારણ માટે કેન્દ્રિય સમાજ કલ્યાણ બોર્ડને ઘોડીયા ઘર, કુટુંબ સલાહ કેન્દ્ર વિગેરે યોજનાઓના અમલીકરણ કરવા માટે દરખાસ્તો કરવામાં આવી.

૧૯૯૧ થી ૧૯૯૫ નાં સમયગાળા દરમ્યાન યુવક–સેવા અને સાંસ્કૃતિક વિભાગનાં સહયોગથી સંસ્થા દ્વારા ૧૮૫ કિમીનો પગપાળા પ્રવાસ અમરેલીથી ખાંભા, ટીંબી, ઉના, તુલશીશ્યામ, ધારી ખોડીયાર ડેમ સુધી ૩૨ યુવાનો સાથે કરવામાં આવ્યો. જેનો મુખ્ય ઉદેશ્ય યુવા શકિતનો પ્રચાર–પ્રસાર અને લોકોની સમસ્યાની જાણકારી મેળવવાનો રહયો. આ સમય દરમ્યાન કેન્દ્રિય સમાજ કલ્યાણ બોર્ડ દ્વારા સંસ્થા સાથે એક કાર્યશાળા થઈ જેમાં જીલ્લાની તમામ સંસ્થાઓને જોડી તેમની યોજનાઓના અમલીકરણમાં જોડાવા માટે જાણકારી આપવામાં આવી. ચારણી સાહિત્યનું પ્રકાશન અને વિમોચન કર્યુ. ગુજરાત આર્થિક મહિલા વિકાસ નિગમનાં સહયોગથી દેવગામ તા. કુકાવાવ ખાતે શિવણ વર્ગની શરૂઆત કરી, તેના સંચાલક રેખાબેન સંસ્થાના પ્રથમ પેઈડ કાર્યકર્તા બન્યા.

અમરેલી સીટી યુથ કાઉન્સેલીંગનાં સહયોગથી તુલશીશ્યામ ખાતે ધો. ૫ થી ૭ નાં વિદ્યાર્થીઓ માટે હોલીડે કેમ્પનું આયોજન કર્યુ અને શિક્ષણલક્ષી કાર્યક્રમની શરૂઆત કરી.

(ક્રમશઃ)

**યાદ કરવામાં અને જરૂર પડે ત્યારે યાદ કરવામાં ઘણો તફાવત છે.**

**સંસ્કાર**

જોગીદાસ ખુમાણ ધણહેરમાંથી નીકળ્યા... એક અઢાર વીસ વર્ષની દિકરીને એટલું પુછયું બેટા કોઈ છે આજુબાજુમાં..? ના મારા મામાને ત્યાં મોટી થાવ છું મા–બાપ મરી ગ્યા છે... જોગીદાસ ખુમાણે આગળ વાત કરી કે, બેટા હું એમ નથી કહેતો પણ.. આમ એકલી તું ધણહેરમાં ઢોર ચરાવે છે તો... તને બીક નથી લાગતી બેટા.!! ત્યારે, એ અઢાર વીસ વર્ષની ધણહેરમાં ઢોર ચારતી દિકરી બોલી હતી કે, અમારા વિસ્તારમાં જોગીદાસ ખુમાણના બહારવટા છે. બાપુ, (એ દિકરીને ખબર નથી કે આ જોગીદાસ ખુમાણ પોતે છે) કોની તાકાત છે કે, મારી સામે આંખ ઉંચી કરીને જોઈ શકે.. ત્યારે આપા જોગીદાસ ખુમાણે સુરજ નારાયણ સામે દ્રષ્ટિ કરી ને બેઉ હાથ ઉંચો કર્યા, અને એટલું બોલ્યા કે, 'ભલે ઉગ્યા ભાણ, ભાણ તિહારા ભામણા.. મરણ જીવણ લગ માણ રાખજે કશ્યપ રાવ...હે.. કશ્યપ ના પુત્ર સુરજનારાયણ મારૂ બહારવટું હાલે કે ના હાલે.. પણ આવી વીસ અઢાર વર્ષની દિકરીઓ જો મારી ઉપર વિશ્વાસ રાખીને આમ વગડામાં ઢોર ચારતી હોય તો હું જીવું ત્યાં સુધી મારી ઈજ્જત આવી ને આવી રાખજે... બાપ. એવી જ રીતે, તમારી શેરીમાં કે, ગામમાં.. કે, સોસાયટીમાં આવી નાની દિકરીઓનો વિશ્વાસ તુટે નહીં, આપણી ભારતીય સભ્યતાની લાજ ન જાય.. એટલા માટે, કોઈ એકલી બેન દિકરીને જુઓ ત્યારે કાઠિયાવાડના આ મહાપુરૂષને યાદ કરજો, અને વિચારજો કે, આપણે તો આવા આદર્શો લઈને જીવનારી પ્રજા છીએ.

**પ્રાકૃતિક ખેતી**

હું પ્રાકૃતિક ખેતી કરું છું. ઈ.સ. ૨૦૧૭ – ૨૦૧૮ – ૨૦૧૯ – ૨૦૨૦ એમ મળીને ચાર વર્ષ થયા. કોઈ રાસાયણિક ખાતર કે દવા પેસ્ટીસાઈડ નથી વાપરતો. હું જાતે ખાતર બનાવું છું તેમનું નામ છે 'ઘનજીવામૃત' અને બીજુ 'જીવામૃત' દ્રાવણ બેકટેરિયા વાપરૂં છું. બીજી દવા બનાવું છું તેનું નામ નીમાસ્ત્ર, બ્રમ્હાસ્ત્ર, અગ્નીસ્ત્ર, દશપર્ણી છે. બિલ્વ રસાયણ, લીંબુનું એન્ઝાઈમ, ખાટી છાશ, અળસિયાનું ખાતર પણ વાપરૂ છું. હું રસાયણિક દવાઓ કે ખાતર વાપરતો નથી. જે રસાયણવાળા ઉત્પાદન લે છે તેની કરતા મારૂ ઉત્પાદન એક મણ પણ ઓછું રહેતું નથી. જેની સામે મારા ઉત્પાદનની ગુણવતાને લઈ મને ભાવ પણ વધુ મળે છે. હું ગેરેંટી સાથે કહુ છુ કે હવે પછી ૨૦૨૧માં હું અન્યની સરખાણીમાં ઉત્પાદન વધુ લઈશ અને કઈ પણ જાતનાં રોગ જમીનમાંથી આવશે નહીં. હવે પછીના વર્ષમાં ખર્ચ રસાયણિક કરતા ૫૦% ઓછો લાગે છે અને જમીન ફળદ્રુપ બને છે, તેની હું ખાતરી આપું છું.

ભનુભાઈ બાબુભાઈ કોટડિયા
હરીપુરા, તા.અમરેલી.
મો. ૮૭૮૦૦ ૯૩૭૪૪

**અભિમાની વ્યકિત સંબંધ બાંધી લેશે પણ ટકાવી નહીં શકે.**

## દાન ઉત્સવ

દર વર્ષે ૨–ઓક્ટોબર થી ૮–ઓક્ટોબર એક અઠવાડીયા સુધી દાન ઉત્સવ ઉજવવામાં આવે છે, ચાલો દર વર્ષે ઉજવવામાં આવતા દાન ઉત્સવમાં ભાગ લઈએ અને જરૂરિયાતમંદ બાળકોને મદદ કરીએ. તા.૧૦/૧૦/૨૦૨૦નાં રોજ અમરેલી ચાઈલ્ડલાઈન દ્વારા હનુમાનપરા પ્રાથમિક શાળા પાસેના વિસ્તારમાં દાન ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ચાઈલ્ડલાઈન ટીમ કો–ઓર્ડીનેટર, ચાઈલ્ડલાઈન ટીમ, ૪૦–બાળકો, ૨૦–વાલીઓ અને કેળવણી નિરિક્ષક સોલંકી સાહેબે પણ ભાગ લીધો હતો અને તેમના સહયોગથી આ કાર્યક્રમમાં બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો, કાર્યક્રમ દરમ્યાન ત્યાંના સ્થાનિક લોકોનો પણ સારો સહકાર મળ્યો.

કાર્યક્રમ અંતર્ગત બાળકોને પ્રવૃતિઓ કરાવવામાં આવી જેમાં પપેટ શો દ્વારા તેમના અધિકારો વિશે વિસ્તૃત ચર્ચા થઈ જેથી બાળકો પોતાના અધિકારો વિશે જાગૃત થયા. બાળગીતો ગાયા, સ્ટોરી કાર્ડનું વાંચન કર્યુ. ભાષણ થકી શિક્ષણ વિશેની જાણકારી આપવામાં આવી. શિક્ષણ જ બાળકોના સારા અને ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે જો ગુણવતાસભર શિક્ષણ મળી રહેશે તો આવનારા સમયમાં તેઓને જીવનની નવી રાહ મળશે અને સમાજમાં પોતાની અલગ જગ્યા અને માન સન્માન મેળવી શકશે. આ વિસ્તારના બાળકો ઘણા બધા સક્રિય હતા તેથી ટીમ દ્વારા કરાવવામાં આવેલી તમામ એકટીવીટીમાં સંપૂર્ણ રીતે ભાગ લીધો હતો.

– નઝમા ટાંક



**જખમો જ જીવાડી રહયા છે, સાહેબ બાકી બધા તો રમાડી રહયા છે.**

## ફાર્મર ડેવલપમેન્ટ સેન્ટર ખેડૂતોની પોતાની દુકાન અને નવીશાળા, ટીંબી

ગાંધી જયંતીના દિવસે ઈફ્રેશ ગ્લોબલ અને સમઉન્નતી દ્વારા જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપનીના ટીંબી સેન્ટર પર ફાર્મર ડેવલપમેન્ટ સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન મળીને કુલ ૧૪ ફાર્મર ડેવલપમેન્ટ સેન્ટરનું ઓનલાઈન ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. ફાર્મર ડેવલપમેન્ટ સેન્ટર એટલે કે એક એવી દુકાન જયાં ખેડુતને લગતી તમામ ચીજવસ્તુઓ, સજીવ ખાતર, બિયારણ અને સાધનોની સાથે સાથે ખેડુતોને પાક સબંધી માર્ગદર્શન, બજાર વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવશે. ગુજરાતમાં ઈફ્રેશ અને સમઉન્નતી સાથે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલીના સહયોગથી અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીએ તા. ૨૪ના રોજ ખાંભા મુકામે આવા વૈવિધ્ય સેવાઓવાળા કેન્દ્રની સ્થાપના કરી. ઉલ્લેખનીય છે કે બંને સ્થળે ફાર્મર પ્રોડયુસર કંપનીના ખેડુતોએ આવી પહેલ કરી છે. જાફરાબાદ એગ્રો પ્રોડયુસર કંપનીના ચેરમેન શ્રી ભરતભાઈ ગંગજળીયા અને અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના ચેરમેન મગનભાઈ કોઠીયા વતી ગુજરાતના તમામ ખેડુતોને આ ખેડુત વિકાસ કેન્દ્રની મુલાકાત લેવા અનુરોધ કર્યો છે. ખેડુતોએ અવનવી આધુનિક તકનીકી અને સ્વ રક્ષણ કીટ જેવા સાધનો. ગુણવત્તાયુકત બિયારણ અને સજીવ ખાતર માટે તેમજ કૃષિ વિષયક માહિતિ, એગ્રો એડવાઝરી માટે આ ખેડુત વિકાસ કેન્દ્ર ખુબ જ ઉપયોગી બનશે.

— જેન્તી સરવૈયા અને અવતિંકા તંતી






**દિવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું જયાં રાખો ત્યાં અજવાળું કરે.**

**રવિ પાક-જીરૂની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ**

**જમીન અને આબોહવા :**

જીરૂ જુદા જુદા પ્રકારની જમીનમાં થઈ શકે છે. સારા નિતારવાળી રેતાળ ગોરાડું કે મધ્યમ કાળી જમીન આ પાકને અનુકૂળ છે. લાંબા કયારામાં ભેજ લાંબો સમય સુધી રહે છે. આ સમયે જો ઝાકળ કે વાદળછાયું વાતાવરણ રહે તો કાળિયો રોગ ચોકકસ આવે છે.

જમીનની તૈયારી : પાણીનો ભરાવો કાળીયાં રોગ માટે અનુકૂળ છે. આ રોગને નિવારવા જમીન સમતલ કરવી. અગાઉ ચોમાસુ પાકમાં છાણિયું ખાતર આપેલ હોય તો શિયાળુ જીરામાં આપવાની જરૂર નથી.

વાવણી : ૧. વાવણી ૩૦ સેમીના અંતરે કે પુખીને (છાંટીને) કરવી. ૨. સારા અંકુરણ માટે વાવણી પહેલા બીજને ૮ કલાક પાણીમાં પલાળી છાયડે કોરા કરવા. ૭ નવેમ્બર સુધી ૪.૫-૬ કિલો બીજ પ્રતિ એકર પ્રમાણે પુંખીને વાવણી કરવી. ૩. સારા અંકુરણ માટે વાવણી સમયે આદર્શ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ આસપાસ હોવું જોઈએ. પૂંખીને વાવણી કરવાને બદલે ચાસમાં વાવણી કરવી.

બીજ માવજત : કાળિયા રોગના આગોતરા નિયંત્રણ માટે બીજને કાર્બેન્ડીઝીમ અથવા થાયરમનો ૨.૫ ગ્રામ/કિલો પ્રમાણે પટ આપવો.

સુધારેલી જાતો : ગુજ.જીરૂ: ૧, ગુજ જીરૂ : ૨, ગુજરાત જીરૂ : ૩, ગુજરાત જીરૂ : ૪ અને ગુજરાત જીરૂ : ૫ જાત વધુ ઉત્પાદન અને સુકારા રોગ સામે પ્રતિકારક છે. સારા ઉત્પાદન માટે ગુજરાત જીરું ૫ પસંદ કરવી. તે સુકારા પ્રતિરોધક છે. બીજદર : ૫-૬ કિલો/એકર. વાવણી ૧ નવેમ્બર પછી કરવી.

રાસાયણિક ખાતર : ૧. સારા વિકાસ માટે વાવણી સમયે ૬ કિલો નાઈટ્રોજન (૧૩ કિલો યુરિયા) અને ૬ કિલો ફોસ્ફરસ (૩૭ કિલો એસએસપી)/ એકર આપો. ૨. સારા વિકાસ અને ઉત્પાદન માટે વાવણીના ૩૦ દિવસ પછી ૬ કિલો નાઈટ્રોજન (૧૩ કિલો યુરિયા અથવા ૨૯ કિલો અમોનિયમ સલ્ફેટ) / એકર આપો.

નીંદણ નિયંત્રણ : નીંદામણથી ૧૦૦% નુકશાન થઈ શકે. વાવણીના ૨૫-૩૦ અને ૪૦ દિવસે હાથથી નીંદામણ કરવું. હારમાં વાવેતર કર્યુ હોય તો વાવણીના ૨૫ અને ૩૫ દિવસે કરબથી આંતરખેડ કરવી. ઉભા પાકમાં રાસાયણિક નીંદણ નિયંત્રણ માટે વાવણીના ૧૪થી ૧૮ દિવસે ઓકિસડિયાર્જિલ ૬ઈસી (રાફટ) ૪૦૦ ગ્રામ / એકર / ૨૦૦ લીટર પાણી મુજબ છાંટો.

પિયત : સારા અંકુરણ માટે વાવણી પછી તરત જ પિયત આપવું. બીજું પિયત વાવણી બાદ ૮ થી ૧૦ દિવસે જમીનની સ્થિતિ પ્રમાણે આપવું. પ્રથમ પિયત વાવણી વખતે બીજુ પિયત જમીનના પ્રત પ્રમાણે ૧૦ દિવસે ત્રીજુ પિયત ૩૦ દિવસે અને ચોથું

**શબ્દ શણગારી પણ દે છે અને સળગાવી પણ દે છે.**

પિયત ૪૫ દિવસે આપવું. ઉત્તર ગુજરાતમાં સારા વિકાસ માટે વાવણીના ૮–૧૦, ૩૦, ૪૫–૫૦ અને ૬૦–૭૦ દિવસે અવશ્ય પિયત આપવું. જીરૂ–૪ માં સારા વિકાસ માટે વાવણી બાદ ૮થી ૧૦ ૪૦એમએમ ઉંડાઈયે, ૩૦ અને ૪૦–૪૫ દિવસે ૫૦એમએમ ઉંડાઈયે પિયત આપવું. સારા વિકાસ માટે સૌરાષ્ટ્રની છીછરી કે બનાસકાઠાંની રેતાળ જમીનમાં પાંચમું પિયત ૭૦ દિવસે આપવું. વાદળછાયા કે ઝાકળવાળા વાતાવરણમાં પિયત ના આપવું.

**સંકલિત રોગ નિયંત્રણ:**

૧. કાળિયો : પાક ૩૦ થી ૩૫ દિવસનો થાય ત્યારે આ રોગ શરૂ થાય છે. શરૂમાં પાન અને ડાળી ઉપર નાના કથ્થઈ રંગના ટપકા જોવા મળે છે. સમય જતાં આખો છોડ રતાશ પડતાં કથ્થાઈ રંગનો થાય અને છોડ સુકાઈ જાય. ઉત્પાદનમાં આ રોગથી લગભગ ૫૦% જેટલું નુકશાન થઈ શકે છે. ઓછે અસરવાળા છોડમાં દાણા હલકા અને ઉતરતી ગુણવત્તાવાળા હોય છે. રોગની તીવ્રતા વધતાં ૧૦૦% સુધી પાક નિષ્ફળ જઈ શકે છે. નિયંત્રણ માટે નીચે મુજબના પગલાં લેવા. વાવણી પહેલા બીજને મેંકોઝેબ અથવા થાયરમ પૈકી કોઈ એક ફૂગનાશક દવાનો એક કિલો બીજ ઉપયોગ કરવો. પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે મેંકોઝેબ ૩૫ ગ્રામ દવા લીટર પાણીમાં ભેળવી ૧૦ દિવસના અંતરે ૩ થી ૪ વાર છાંટવી.

૨. સુકારો : આ રોગ જમીનજન્ય ફૂગથી થાય છે અને પાકની કોઈ પણ અવસ્થાને જોવા મળે છે. આ રોગમાં છોડના પાન અને ડાળિયો એકાએક નમી પડે છે. શરૂઆતમાં આ રોગ કુંડાળાં સ્વરૂપે ફેલાય છે. રોગીષ્ટ છોડમાં દાણા બેસતા નથી. સુકારા નિયંત્રણ માટે નીચે જણાવેલ પગલા લેવા. વાવણી પહેલા બીજને મેંકોઝેબ અથવા થાયરમ પૈકી કોઈ એક ફૂગનાશક દવાનો એક કિલો બીજ દીઠ ૩ ગ્રામ પ્રમાણે પટ આપવો. એક જ ખેતરમાં સતત વાવણી ન કરતાં પાક તેમજ ખેતરની ફેરબદલી કરવી. ઉંડી ખેડ કરવી.

કાપણી : પાક ૧૧૦–૧૧૫ દિવસમાં પાકી જાય છે. છોડ પીળાશ પડતાં ભૂખરા રંગના થાય તે કાપણી માટે શ્રેષ્ઠ અવસ્થા છે. કાપણી સવારમાં છોડ ઉપાડીને કરવી. દાણામાં રહી જતાં દવાના અવશેષો નિવારવા કાપણીના ૧૫ દિવસ પહેલા કોઈ દવા ન છાંટવી. દાણા ખરતા અટકાવવા કાપણી સવારે ઝાકળ ઉડી જાય તે પહેલા કરવી. સારી ગુણવત્તા માટે કાપણી બાદ છોડને ૨–૩ દિવસ ખળામાં સૂકવી દાણા છૂટા પાડવા. દાણાને અલગ અલગ કદની ચાળવીમાં ચાળી ગ્રેડિંગ કરવું. સંગ્રહ કરેલ ઓરડામાં ઉગ્ર ગંધ વાળો ખોરાક, સાબુ તથા પેઈન્ટ વગેરે ના રાખવું આનાથી જીરાની સુગંધ ખરાબ થાય છે.

– તુષાર વાઘેલા

**જીવી લઈએ એ જ જીંદગી વિતે એને વખત કહેવાય..!**

## Happy Birthday

| | |
|---|---|
| Dhirajlal Vagadia | 18.11.1961 |
| Devabhai Chudasama | 24.11.1993 |

## In this month

| | |
|---|---|
| 2 | Start Farmers Development Center, Timbi |
| 2 | Celebration of Gandhi Jayanti with slum children |
| 10 | Daanutsav |
| 5-7 | INGJ14 : BCI Remote Licensing Assessment |
| 24 | Start Farmers Development Center, Khambha |
| 31 | Celebration of Sardar Jayanti with slum children. |

## પ્રિય વાચક મિત્રો,

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો વાર્તા કે કેસ સ્ટડી સ્વરુપે ટપકને મોકલી શકો જેને ટપકમાં પ્રસિધ્ધ કરવા પ્રયાસ કરીશું. વાંચકો તેમના પ્રતિભાવો પણ મોકલતા રહે તે જરૂરી છે.

આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**બધું જ લૂંટાઈ ગયા પછી પણ ભવિષ્ય તો બાકી બચેલું જ છે.**